ક્રમાંક-મઉમશબ/ક/૪૦૦૦-૪૦૩૩
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
સેકટર-૧૦-બી,જુના સચિવાલય પાસે,
ગાંધીનગર. તા.૨૧/૧૨/૨૦૨૨

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી,
ગુજરાત રાજ્ય (તમામ)

વિષયઃ ધોરણ-૧૨, વિજ્ઞાન પ્રવાહની શાળા કક્ષાએ જાન્યુઆરી/ફેબ્રુઆરી-૨૦૨૩માં યોજાનાર પ્રિલિમ/દ્વિતીય પરીક્ષા અંગે.

શ્રીમાન,

ઉપરોક્ત વિષય પરત્વે જણાવવાનું કે, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા પ્રસિધ્ધ થયેલ શાળાકીય પ્રવૃત્તિ કેલેન્ડર-૨૦૨૨-૨૩ માં દર્શાવ્યા મુજબ ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહની શાળા કક્ષાએ લેવાનાર પ્રિલિમ/દ્વિતીય પરીક્ષા તા.૨૭/૦૧/૨૦૨૩ થી તા.૦૪/૦૨/૨૦૨૩ દરમિયાન યોજાનાર છે. ઉક્ત દ્વિતીય પરીક્ષા દરમિયાન નેશનલ ટેસ્ટીંગ એજન્સી દ્વારા તા.૧૫/૧૨/૨૦૨૨ના રોજ પ્રસિધ્ધ કરેલ JEE (Main)-2023 ના પ્રથમ સેશનની પરીક્ષા પણ યોજાનાર છે. જે ધ્યાને લેતા ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહના જે વિદ્યાર્થીઓ JEE (Main)-2023 ના પ્રથમ સેશનમાં દર્શાવેલ જે તે તારીખમાં ઉપસ્થિત થનાર હોય તેવા વિદ્યાર્થીઓની તે દિવસની જે તે વિષયની શાળાકીય દ્વિતીય પરીક્ષા તા.૦૬/૦૨/૨૦૨૩ થી તા.૦૮/૦૨/૨૦૨૩ દરમિયાન સબંધિત શાળાએ યોજવાની રહેશે. જે અંગે આપની કક્ષાએથી ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહની ઉચ્ચતર માધ્યમિક વિભાગની તમામ શાળાઓને જાણ તથા અમલવારી કરવાની સૂચના આપવા જણાવવામાં આવે છે.

(એમ.કે.રાવલ)
નિયામક (પરીક્ષા)
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
ગાંધીનગર

બિડાણ :-

- નેશનલ ટેસ્ટીંગ એજન્સી પ્રસિધ્ધ JEE (Main)-2023 પરીક્ષાનો કાર્યક્રમ

Scanned with CamScan

ક્ર.નં.મા-૧/૨૦૨૨/23130

જિલ્લા શિક્ષણાધિકારીશ્રી કચેરી,
જિલ્લા સેવા સદન-૨,
જિલ્લો - સુરત.
તા:- 22/12/2022

પ્રતિ,
આચાર્યશ્રી તમામ,
માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ,
જિ- સુરત.

District Education Officer
Surat. Dist. Surat.

Scanned with CamScan